
શ્રીમદ્ રાજચંદ્ર જન્મજયંતી વિશેષાંક

વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

November- 2026

સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની જન્મજયંતી (કાર્તિક પૂર્ણિમા)ના મંગલ અવસર પર તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન!!!



'શ્રીમદ્જી'એ પોતાની ભાષામાં એ વાતને લખી છે કે આખું જગત સોનાનું થાય તો અમારે એ તૃણવત છે. શું લખ્યું છે? આખું જગત સોનાનું થાય તો અમારે એ તણખલાની તોલે છે. એની કોઈ કિંમત અમને નથી. કઈ કઈ ચીજની કિંમત આંકી પછી? કે એક સાથે આખા જગતનું પોટલું બાંધીને ફેંકી દીધું. કે નાખો એને ખાડામાં, એની કાંઈ જરૂર નથી, એની કોઈ કિંમત નથી. એકાવતારી પુરુષ હતા ને? એકાવતારી હતા!! આ કાળનું તો, એક ન્યાયે ચરમસીમાનું કાર્ય કરી નાખ્યું. અહીંથી તો મુક્તિ નથી. ચાહે મુનિપદમાં આવે કે ચાહે ગૃહસ્થ અવસ્થામાં રહે પણ એક ભવ તો બાકી હોય એ જ અહીંયાં આવે. ચરમશરીરી તો અહીંયાં આવે નહિ. અહીંયાં જે કાર્ય થયું એ પહેલાં એટલું કાર્ય નહોતું થયું. એટલું કાર્ય જે અહીંયાં (થયું). મિથ્યાત્વ સહિત આવ્યા છે. ચોવીસમેં વર્ષે ૧૯૪૭ સે સમકિત શુદ્ધ પ્રકાશિયું. ચોવીસમેં વર્ષે પ્રારંભમાં અને દેહાંત થાય એ પહેલાં અવભાસ્યું કે હવે એક દેહ બાકી છે, બીજુ કોઈ બાકી નથી. એટલું જ્ઞાન નિર્મળ થયું. એટલી સાધનામાં ઊંડા... ઊંડા... ઊંડા... ચાલ્યા ગયા.

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(પ્રવચનાંશ... શ્રી 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૨૦૪, પ્રવચન નં-૧૬૧, તા. ૧૮-૧૦-૧૯૮૭, અધ્યાત્મ સુધા ભાગ-૬, પાના નં.-૨૪૦,૨૪૧)


સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૩ : અંક–૩૪૭, વર્ષ–૨૮, નવેમ્બર–૨૦૨૬

છાશીયા ગામમાં વીર સં. ૨૪૭૫ ફાગણ વદ ૬ ના રોજ
શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતમાંથી પત્રાંક - ૧૭૨ પર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન



જ્ઞાનીને શું સંમત છે?



પત્રાંશ -૧૭૨

અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે; આ એક અવાચ્ય, અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે. જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?

નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો; સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું; સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું; સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું; સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું; તેનાં મન,વચન,કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં; તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.

આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું. નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે, સમયે સમયે તેમાં લીન થવા યોગ્ય, પરમ રહસ્ય છે. અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો, ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહા માર્ગ છે. અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ, અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે.

અધિક શું લખવું? આજે, ગમે તો કાલે, ગમે તો લાખ વર્ષે અને ગમે તો તેથી મોડે અથવા વહેલે, એ જ સૂઝ્યે, એ જ પ્રાપ્ત થયે છૂટકો છે. સર્વ પ્રદેશે મને તો એ જ સમ્મત છે.

આ શ્રીમદ્ રાજચંદ્રનો એક પત્ર વંચાય છે. તેમાં તેઓ લખે છે કે જ્ઞાનીઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું. જ્ઞાનીઓને શું સંમત છે? આત્મસ્વભાવમાં અભેદદૃષ્ટિ તે જ સર્વે જ્ઞાનીઓને સંમત છે. એ સિવાય કોઈ રાગથી ધર્મ થાય કે શરીરની ક્રિયા આત્મા કરે એ વાત કોઈ જ્ઞાનીને સંમત નથી.

'અનંતકાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે.' શ્રીમદ્‌નું ૨૩ માં વર્ષે આ લખાણ છે. આત્મા અનંતકાળથી છે, આ શરીરથીનો સંબંધ નવો થાય છે, પણ આત્મા નવો થતો નથી.

આત્મા પોતે કોણ છે? તેની તેને અનંતકાળથી ખબર નથી. હું કોણ છું? ને મારું સ્વરૂપ શું છે?– તે વિષે જ ભ્રાંતિ રહી ગઈ છે. મારું સુખ જાણે કે બહારમાં હોય! એમ માને છે, એટલે પોતાને જ વિષે ભ્રાંતિ છે. દેવ–ગુરુ–શાસ્ત્રને વિષે ભ્રાંતિ રહી ગઈ છે – એમ ન કહ્યું, કેમ કે સાચા દેવ–ગુરુ–શાસ્ત્રને તો માન્યા, પણ પોતાના આત્મા વિષે ભ્રાંતિ કદી ટાળી નથી. પરને વિષે ભ્રાંતિ રહી ગઈ છે. એમ ન કહ્યું, પણ સ્વકોણ તે વિષે ભ્રાંતિ રહી ગઈ છે. આત્માને ભૂલીને પરથી લાભ માની રહ્યો છે, એટલે ઉપાદાનસ્વભાવમાં ભ્રાંતિ રહી ગઈ છે, પણ નિમિત્તમાં ભૂલ રહી ગઈ છે–એમ નથી. બીજી રીતે કહીએ તો વ્યવહાર સંબંધમાં ભૂલ તો ટાળી, પણ આત્માનો સ્વભાવ શું તે જાણ્યો નહિ એટલે નિશ્ચય સંબંધી ભૂલ કદી ટાળી નથી. દેવ–ગુરુ–શાસ્ત્રની કૃપા થઈ જાય તો મારા આત્માનું કલ્યાણ થઈ જાય – એમ માને છે તે પોતાના સ્વરૂપમાં ભ્રાંતિ છે. પુણ્યને આત્માનું સ્વરૂપ માને તો તે પણ આત્મા વિષે ભ્રાંતિ છે. જીવે અનંત કાળમાં બીજું બધું કર્યું છે. પણ આત્માનો સ્વભાવ શું – તે વિષે ભ્રાંતિ કદી ટાળી નથી. પોતા વિષે ભ્રાંતિ રહી ગઈ છે. પોતે એટલે કોણ? વિકારવાળો પોતાને માન્યો તે પણ ભ્રાંતિ છે. આત્મા ક્ષણિક વિકાર જેટલો નથી, વિકારરહિત તેનો સ્વભાવ છે, તે સ્વભાવમાં ભ્રાંતિ રહી ગઈ છે. જીવે શુભભાવ અનંતવાર કર્યા છે, પણ ભ્રાંતિરહિત થઈને શુદ્ધાત્માને કદી જાણ્યો નથી.

'આ એક અવાચ્ય, અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે.' વાણીથી ન કહી શકાય એવું અદ્‌ભુત વિચારણાનું આ સ્થળ છે. અહીં આત્મસ્વભાવના વિચારની અપૂર્વતા બતાવે છે. એવું શું બાકી રહી ગયું કે અનંત અનંતકાળ ગયો છતાં ભ્રાંતિ ટળી નહિ. અનંતકાળમાં ત્યાગ, વ્રત વગેરે કર્યું, પણ આત્મસ્વભાવની વિચારણાનું સ્થળ બાકી રહી ગયું છે. પોતાને વિષે શું ભ્રાંતિ રહી ગઈ? તે એક અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે. બીજા બધા વિચારોમાં ડહાપણ કર્યું છે, પણ આત્માની યથાર્થ વિચારણા કદી નથી કરી. પહેલાં આત્મસ્વભાવની વાત કરીને પછી તેનું નિમિત્ત પણ બતાવશે. અનંતકાળની ભ્રાંતિ કેમ ટળે, તેનો ઉપાય બતાવશે.

'જ્યાં મતિની ગતિ નથી ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?' અહીં મતિ એટલે પર તરફ વળતું જ્ઞાન. પર તરફના વિકલ્પ દ્વારા પણ જે આત્માને પહોંચાતુ નથી તે આત્માને વાણીથી તો કેમ કહી શકાય? મતિ એટલે પર તરફના જ્ઞાનનો ઉઘાડ, અથવા પર તરફના વલણવાળું જ્ઞાન – એમ અહીં અર્થ સમજવો. સમ્યક્ મતિજ્ઞાન વડે તો આત્મા જણાય છે, પણ પર તરફ વલણવાળા જ્ઞાનના ઉઘાડ વડે આત્મા જણાતો નથી.

આમ પહેલાં તો ઉપાદાનસ્વભાવ તરફની વાત કરી, હવે અનંતકાળથી રહી ગયેલી તે ભ્રાંતિ ટાળવા માટે અને અંતરસ્વભાવમાં વળવા માટે શું કરવું તે કહે છે.

'નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો.' 'નિરંતર' કહ્યું છે. જેમ બદામમાંથી તેલ કાઢવું હોય તો તેને સળંગપણે ઘસવી જોઈએ; થોડાક લીસોટા મારીને પાછો વચ્ચે થોડીવાર બીજા કામમાં રોકાય,

ને વળી પાછો લીસોટો મારે, – એમ કટકે કટકે ઘસે તો તેલ ન નીકળે. પણ વચ્ચે અંતર પડ્યા વગર ઘસે તો તેલ નીકળે. તેમ અહીં નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવાનું કહ્યું છે. પર પ્રત્યેની રુચિ કંઈક ઘટે તો અંતરના વિચાર તરફ વળે ને? આ વાત નાસ્તિ થી કરી છે. પર પ્રત્યે વૈરાગ્ય દશા લાવીને અંતરની વિચારણામાં નિરંતર રોકાવું જોઈએ. અહીં નિરંતર પર પ્રત્યે ઉદાસીનતા સેવવાનું કહ્યું; તો શું ખાવું-પીવું કંઈ ન કરવું? તેમ કોઈ પૂછે તો કહે છે, કે – જેમ વેપારનો લોલુપી સૂતો હોય કે ખાતો હોય, પણ સાથે તેની તેને વેપારની લોલુપતાનો ભાવ તો પડ્યો જ છે. તેમ ધર્મની રુચિવાળાને ઊંઘમાં પણ પર પ્રત્યેની ઉદાસીનતા ખસે નહી; ધર્મની રુચિવાળો ઉદાસીનતાના ક્રમમાં આંતરો પડવા દેતો નથી. ખાવું-પીવું કે વેપાર વગેરેનો રાગ વર્તતો હોવા છતાં અંતરની રુચિમાં તે પ્રત્યેની ઉદાસીનતા એક ક્ષણ પણ ખસતી નથી.

વળી ભ્રાંતિ ટાળવાનું નિમિત્ત ઓળખાવે છે, કે *'સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું.'* પહેલા સત્પુરુષ કોણ તે ઓળખવા જોઈએ, ઓળખવાની જવાબદારી પોતાની છે. સત્પુરુષ કોને કહેવાય તે જાણવાનો પોતાનો ભાવ છે. બે પૈસાની તાવડી લેવા જાય ત્યાં પણ ટકોરો મારીને પરીક્ષા કરે છે. તો અનંતકાળની ભ્રાંતિ ટાળીને આત્માનું કલ્યાણ પ્રગટ કરવા માટે સત્પુરુષની પરીક્ષા કરીને ઓળખવા જોઈએ. સત્ એટલે આત્મસ્વભાવ, તેની જેને ઓળખાણ થઈ છે તે સત્પુરુષ છે. સંસાર પ્રત્યે નિરંતર ઉદાસ થવું અને સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું – એમ બે વાત કરી.

વળી વિશેષ કહે છેઃ *'સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું.'* પહેલાં જેનું જ્ઞાન કર્યું હોય તેનું સ્મરણ કરી શકે. સત્પુરુષનું ચરિત્ર કોને કહેવાય તેના જ્ઞાન વિના તેનું સ્મરણ કઈ રીતે કરી શકે? સત્પુરુષનું ચરિત્ર ક્યાં રહેતું હશે? કોઈ બહારની ક્રિયામાં કે શુભાશુભ રાગમાં સત્પુરુષોનું ચરિત્ર નથી. બહારમાં ફેરફાર ન દેખાય પણ ધર્મીને અંતરની દશામાં રુચિનું વલણ સ્વભાવ તરફ વળી ગયું છે. જેમ નાના હીરાની કિંમત લાખોની હોય, તે ઝવેરી જ જાણે, તેમ આત્માનું ચરિત્ર અંતરદૃષ્ટિથી જ ઓળખાય. ધર્મી આત્માનું ચરિત્ર શું? તે શરીરની દશામાં કે વસ્ત્રમાં નથી, આહાર-શુદ્ધિમાં કે વસ્ત્રના ત્યાગમાં પણ ચરિત્ર નથી; – એ તો બધું અજ્ઞાનીને પણ હોય છે. સત્પુરુષને અંતરમાં શું ફેર પડ્યો છે તે જાણ્યા વિના તેમના ચરિત્રનું જ્ઞાન થાય નહીં. સત્પુરુષનું અંતરનું ચરિત્ર શું? 'અમુક ગામમાં રહેતા હતા ને ઝવેરાતનો વેપાર કરતા હતા, જિજ્ઞાસુઓને પત્ર લખતા હતા કે ઉપદેશ દેતા હતા' – એમાં શું સત્પુરુષનું ચરિત્ર છે? એ તો બધી બાહ્ય વસ્તુ છે, તેમાં સત્પુરુષનું ચરિત્ર નથી. પણ અંતરના સ્વભાવને જાણીને ત્યાં ઠર્યા છે અને રાગાદિ ભાવોની રુચિ ટળી ગઈ છે, તે જ સત્પુરુષોનું ચરિત્ર છે; તેને ઓળખે તો તેનું ખરું સ્મરણ થાય.

વળી કહે છે કે *'સત્પુરુષોનાં લક્ષણોનું ચિંતન કરવું.'* આવી ભાષા હતી અને આવું શરીર હતું – એમ શરીરના લક્ષણથી સત્પુરુષ ઓળખાય નહિ. અંતરસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે સત્પુરુષનું લક્ષણ છે. બહારમાં ત્યાગ થયો કે શુભરાગ થયો તે સત્પુરુષનું ખરું લક્ષણ નથી. શરીર

દેખાય છે તે દેવ-ગુરુ નથી, તે તો જડ છે; દેવ કે ગુરુ તો આત્મા છે, અને અંતરમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ છે, તે જ તેનું લક્ષણ છે. તે લક્ષણ વડે સત્પુરુષને ઓળખે તો પોતાનો આત્મા તેવો થાય.

લક્ષણ તેને કહેવાય કે જે વડે લક્ષ્યને ઓળખાય. સત્પુરુષમાં એવું શું લક્ષણ છે કે જે બીજામાં ન હોય ને તેનામાં જ હોય? સત્પુરુષની અંતરની શ્રદ્ધા – જ્ઞાન તે તેનું લક્ષણ છે; રાગાદિ થાય તે તેનું લક્ષણ નથી. – એમ લક્ષણ વડે સત્પુરુષને ઓળખીને તેનું ચિંતવન કરવું.

આ પ્રમાણે અંતરની વાત કરીને હવે બહારની વાત કરે છેઃ *'સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું. તેનાં મન-વચન-કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં.'* શરીર-મન-વાણીની ક્રિયા તો જડ છે પણ તેની પાછળ અનાકુળ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન છે તેનું અદ્‌ભુત રહસ્ય છે. મન-વચન-કાયાની જે પ્રવૃત્તિ થાય છે તેનું કર્તાપણું જ્ઞાનીને ઊડી ગયું છે, તેને તેમાં કદી સુખબુદ્ધિ થતી નથી અને ભેદજ્ઞાન ક્યારેય ખસતું નથી. આવું જ્ઞાનીનું અદ્‌ભુત રહસ્ય છે, તે વારંવાર વિચારવા યોગ્ય છે. સત્પુરુષની મુખાકૃતિનું હૃદયથી અવલોકન અને વારંવાર તેમના સમાગમની ભાવનામાં પોતાને સત્ સમજવાની રુચિ છે.

હવે કહે છે કે *'તેઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું.'* જ્ઞાનીઓએ શું સંમત કર્યું છે? આત્માના સ્વાશ્રય સિવાય ત્રણકાળમાં ધર્મ નથી, એટલે સ્વાશ્રયભાવ તે જ જ્ઞાનીને સંમત છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય કરવો તે જ્ઞાનીને સંમત નથી. આત્માનો રાગ-રહિત જ્ઞાતા સ્વભાવ છે તેની રુચિ, તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેનો આશ્રય કરવો તે જ જ્ઞાનીને સંમત છે. આ પ્રમાણે ઓળખીને તેઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું. શુભ કે અશુભ કોઈ પણ પરાશ્રિત ભાવથી આત્માને ધર્મ થાય – એવી માન્યતા જ્ઞાનીઓને સંમત નથી. આત્માને જે ભાવથી નુકસાન થાય તે એક પણ ભાવ જ્ઞાનીને સંમત થાય નહીં. જ્ઞાનીને આત્માનો વિકારરહિત સ્વભાવ જ સંમત છે. એક જ્ઞાની એક માર્ગ બતાવે અને બીજા જ્ઞાની બીજો માર્ગ બતાવે – એમ કદી બને નહિ, સર્વે સત્પુરુષોનો એક જ માર્ગ છે. આત્મસ્વભાવને ઓળખીને તેનો આશ્રય કરવો – એ જ મુક્તિનો પંથ છે, અને એ જ માર્ગમાં સર્વે જ્ઞાનીઓની સંમતિ છે. – એ પ્રમાણે ઓળખીને જ્ઞાનીઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું. જ્ઞાની પાસેથી શ્રવણ કરતાં પોતાને ગોઠે તેટલું માને અને બીજી વાત ન રુચે – તો તે જીવે જ્ઞાનીઓએ કહેલું સર્વ સંમત કર્યું નથી; પણ પોતાનો સ્વચ્છંદ પોષ્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયે જે પુણ્યભાવ થાય તેનો આશ્રય કરવાનું પણ ધર્મીને માન્ય નથી, પણ તેનો આશ્રય છોડવાનું માન્ય છે. જ્ઞાનીઓએ માન્ય કરેલું સર્વ માન્ય કરવું; તેમાં જો ક્યાંય પોતાની કલ્પનાનો સ્વચ્છંદ રાખ્યો તો તેણે જ્ઞાનીઓને ઓળખ્યા નથી, અને તેમનું કહેલું માન્યું નથી. અત્યાર સુધી જીવે પોતાની ભ્રાંતિથી જ જ્ઞાનીને પોતાની દ્રષ્ટિએ કલ્પ્યા છે. જો જ્ઞાનીને જ્ઞાનીની રીતે ઓળખે તો તેને ભેદજ્ઞાન અને મુક્તિ થયા વિના રહે નહીં. જ્ઞાનીની ઓળખાણ કરવામાં પરની મહત્તા નથી પણ પોતાના આત્માની મહત્તા છે. પહેલાં તો અનંતકાળથી

આત્માની ભ્રાંતિ રહી ગઈ છે – એમ ઓળખે, અને પછી ઉપર કહ્યા પ્રમાણે પાત્ર થઈને સત્પુરુષને ઓળખે, તો અવશ્ય આત્માની ભ્રાંતિ ટળી જાય.

જ્ઞાની એમ કહેતા નથી કે તું અમારો આશ્રય કરીને રોકાઈ જા. પણ તું તારા આત્માને સિદ્ધ જેવા પરિપૂર્ણ સ્વભાવે ઓળખીને તેનો આશ્રય કર – એમ જ્ઞાનીના હૃદયનું રહસ્ય છે. સર્વે ધર્માત્માઓએ આ જ સંમત કર્યું છે, અને એ જ સંમત કરવા યોગ્ય – હોંશથી માન્ય કરવા યોગ્ય – છે.

'આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું – નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે – સમયે સમયે તેમાં લીન થવા યોગ્ય પરમ રહસ્ય છે, અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો, ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહામાર્ગ છે.' જુઓ તો ખરા, કેટલી દ્રઢતાપૂર્વક વાત કરી છે. ધર્મી જીવોએ જે માન્ય કર્યું, તે જ માન્ય રાખવું તે પરમ રહસ્ય છે. ધર્મી જીવોએ શું માન્ય કર્યું, – શું આદર્યું અને શું છોડ્યું, તે ઓળખ્યા વગર પોતે તેની શ્રદ્ધા કેવી રીતે કરે? અને તેનું ચિંતવન પણ કઈ રીતે કરે?

જ્ઞાનીઓને બરાબર ઓળખીને, તેમણે સંમત કર્યા પ્રમાણે આત્માના વીતરાગી સ્વભાવનો આશ્રય કરવો; સર્વ શાસ્ત્રનો અને સર્વ સંતોના હૃદયનો મર્મ પામવાનો આ એક જ માર્ગ છે. નિર્વાણને અર્થે એટલે આત્માની મુક્તિને અર્થે માન્ય કરવા યોગ્ય આ જ મહામાર્ગ છે. વળી ઈશ્વરના ઘરનો એટલે સર્વજ્ઞ ભગવાનના માર્ગનો અથવા આત્માના સ્વભાવનો મર્મ પામવાનો આ મહા માર્ગ છે. આત્માનું પરમાત્મપદ પ્રગટે તેનો આ મહા માર્ગ છે.


હવે નિમિત્તકારણની વાત મૂકે છે : *'અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચલ શ્રદ્ધા એ છે. અધિક શું લખવું?'* ત્રિકાળ આ એક જ માર્ગ છે એમ ભાર મૂકીને કહે છે કે 'આજે ગમે તો તેથી મોડે અથવા વહેલે, એ જ સૂઝ્યે-એ જ પ્રાપ્ત થયે છૂટકો છે.' ભાઈ, તને તારા સ્વરૂપની જ ભ્રાંતિ છે, તે ભ્રાંતિ ટાળ્યા વગર છૂટકો નથી. અને એ ભ્રાંતિને છેદવા માટે, જ્ઞાનીઓએ જે સંમત કર્યું તે જ સંમત કરવું એ જ માર્ગ છે. એ માર્ગ સૂઝ્યે જ સર્વ સંતોના હૃદયને પામી શકાય છે. વળી છેવટે વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ થવાનું કહ્યું છે. પૂર્વે થઈ ગયેલા સત્પુરુષ નહિ પણ પોતાને સાક્ષાત્ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ થાય અને તેમના વચનનું સીધું શ્રવણ કરતાં તેમના પ્રત્યે અવિચળ શ્રદ્ધા જાગે. આમાં સમજ્યા વગર સત્પુરુષને માનવાની વાત નથી, પણ સત્પુરુષને ઓળખીને, તે કહે છે તેવા નિરાલંબી પોતાનાં આત્મસ્વભાવની ઓળખાણ કરે તેણે સંતોએ માનેલું માન્યું કહેવાય. અને એ જ નિર્વાણનો માર્ગ છે.

છેવટે પોતે ભળીને કહે છે કે *''સર્વ' પ્રદેશે મને તો એ જ સંમત.'* આત્માના અસંખ્ય પ્રદેશે મને તો એ જ માન્ય છે.

*

('આત્મધર્મ' – ૮૦ માંથી સાભાર ઉદ્ધૃત)

પરમ કૃપાળુદેવની જન્મજયંતીએ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા ગુણ સંકીર્તન





જો આત્માર્થીપણું શું છે એ સમજવું હોય તો આ ગ્રંથ (શ્રીમદ્ રાજચંદ્ર)નો સ્વાધ્યાય અનિવાર્ય છે. આત્માર્થીપણું શું છે? ઘણાં પડખેથી એમણે આત્માર્થ પ્રકાશ્યો છે. ઘણાં પડખેથી. એ તો 'ગુરુદેવશ્રી' કહેતા, 'ગુરુદેવશ્રી', 'બહેનશ્રી' બન્ને કહેતાં, (જ્યારે) કોઈ એમ કહે કે અમારે શરૂઆતમાં શું વાંચવું? તો કહે 'શ્રીમદ્' વાંચો એમ જ કહે. કેમકે એમને પોતાને ખ્યાલ છે કે જીવ આત્માર્થી થઈને સિદ્ધાંત શાસ્ત્ર વાંચશે તો કંઈક કામ આવશે. એમનેમ સિદ્ધાંત શાસ્ત્ર વાંચશે તો ગાડી નક્કી બીજે પાટે ચડી જશે. એવો અભિપ્રાય જ એવો આપતા હતા. પહેલાં 'શ્રીમદ્' વાંચો એમ કહેતા. પોતે પણ બન્ને મહાત્માઓએ, બન્ને જ્ઞાનીઓએ સારી રીતે વાંચ્યું છે. 'બહેનશ્રી'ને પ્રશ્નો પુછ્યા છે (મુમુક્ષુઓએ) 'કૃપાળુદેવ'ના વચનો ઉપરના તો કેટલી અનુમોદના કરી છે! આપણે 'સ્વાનુભૂતિદર્શન'માં વાંચીએ છીએ એમાં 'શ્રીમદ્' આમ કહે છે, 'શ્રીમદ્' આમ કહે છે તો એની પાછળ શું (કહેવું છે) તો કેટલી અનુમોદના કરીને જવાબ આપ્યા છે! એટલું જ નહિ 'સુખ ધામ અનંત સુસંત ચહી...' એ એમનો 'બહેનશ્રી'નો નિત્યસ્મરણનો વિષય હતો. સુતાં પહેલાં એ એમના સ્મરણનો વિષય હતો. સ્મરણ એટલે બોલી જાય એમ નહિ એમાં એ પોતાના આત્માને આવિર્ભૂત કરતા હોય છે. સુખધામ, અનંત સુખધામ એટલે અનંત સુખધામ અંદર જુએ છે એ. 'સુખ ધામ અનંત...' (એમાં) અનંત શબ્દ ભલે પાછળ છે પણ મૂળ તો અનંત સુખનું ધામ પોતે છે એમ પોતાને જુએ છે એ. માત્ર વિકલ્પ કરે છે કે સ્મરણ કરે છે એમ નથી. એવો પ્રકાર હોય છે અને એમનો રોજનો **routine work** છે એ એવી રીતે. અને છેલ્લે દિવસે એમ જ થયું ને! રાત્રે દસ, સવા દસે દેહ છોડ્યો એટલે બધાં, બે–ચાર બહેનો એમની પાસે હોય એટલે કહ્યું એમના જે ભાણેજ હતા કંચનબહેને કહ્યું કે ચાલો આપણે હવે અનંત સુખધામ, સુખધામ અનંત આપણે (લઈ લઈએ) કોઈ વખત સમૂહમાં પણ લ્યે. તો કહે તમે સમૂહમાં લ્યો હું મારું સુખધામ અંદરમાં લઉં

છું, એમ કહી દીધું. તમે તમારું સુખધામ કરો હું મારું સુખધામ અંદરમાં કરું છું આજે. છેલ્લો ટાઈમ છે ને! એટલે બહારમાં વિકલ્પ એટલો ન જાય એટલે કહ્યું તમે તમારું સુખધામ કરો હું મારું સુખધામ અંદરમાં કરું છું. છેલ્લી વાત એટલી થઈ છે. એ કૃપાળુદેવના વચન છે, એ તો નામથી 'કૃપાળુદેવ'નું વચન છે બાકી તો આત્મભાવરૂપ વચન છે કોઈપણ આત્મા માટે.


'સોગાનીજી' જેવા પુરુષાર્થી આત્માએ છેલ્લે દિવસે 'કૃપાળુદેવ'નો ગ્રંથ હાથમાં લીધો છે. દ્રવ્યદૃષ્ટિવાળાને એ ખબર ન હોય, દ્રવ્યદૃષ્ટિપ્રકાશ વાંચવાવાળાને, વાંચવાવાળા એટલે અમુક રાગથી હિમાયત કરતા હોય ને અમુક જાતના રાગથી, નિશ્ચયના કથનોનો રાગ હોય પણ એ ધર્માત્માએ છેલ્લે દિવસે, મૃત્યુ સમયે 'કૃપાળુદેવ'નો ગ્રંથ હાથમાં લીધો છે!!

(પ્રવચનાંશ...'શ્રીમદ્ રાજચંદ્ર', પત્રાંક-૪૩૧, પ્રવચન નં.-૭૭૫, તા.-૨૯-૧૧-૧૯૯૮)

*

મુમુક્ષુ :- 'ગુરુદેવ'નું એક પણ પ્રવચન કે જેમાં 'ગુરુદેવે' 'કૃપાળુદેવ'નો મહિમા ન કર્યો હોય એવું એક પણ પ્રવચન નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. બહુ શરૂઆતમાં 'શ્રીમદ્જી'ના પત્રોનું અધ્યયન 'ગુરુદેવે' સારા એવા પ્રમાણમાં કર્યું છે.



મુમુક્ષુ :- 'શ્રીમદ્ રાજચંદ્ર'નો સ્વાધ્યાય કરતા હતા..

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વાધ્યાય કરતા હતા. જે પુસ્તકનો સ્વાધ્યાય કરતા એમાં જુઓ તો કેટલી **underline** કરેલી આજે મોજૂદ છે. કેટલા પત્રોમાં કેટલી જગ્યાએ **underline** કરેલી છે કે અહીંયાં આટલી મહત્વની વાત આવી છે, આ પત્રમાં આટલી મહત્ત્વની સૈદ્ધાંતિક વાત આવી છે. (એ) કાંઈ 'શ્રીમદ્જી'નું લખેલું પુસ્તક નથી. એ તો વ્યક્તિગત પત્રો લખેલા છે એમાં આટલું તત્ત્વ આવ્યું છે. વ્યક્તિગત પત્રવ્યવહારમાં આટલું તત્ત્વ આવ્યું છે એના જ્ઞાનમાં, હૃદયમાં કેટલું ભર્યું હશે!! ત્રિરાશી લગાવવા જેવો વિષય છે. મોક્ષમાર્ગ પામ્યા છીએ એમાં કોઈ શંકાને સ્થાન નથી, ચોવીસમાં વર્ષે આવા પત્રો લખ્યા છે. અમારો આત્મા અનુભવથી એની ખાતરી આપે છે, અમારો આત્મા જ અંદરથી ખાતરી આપે છે એમ કહીને કેટલી નિશંકતાથી મોક્ષમાર્ગ પોતે પામ્યા, અનુભવ થયો એની વાત લખી છે!

(પ્રવચનાંશ... 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૧૧૮, તા. ૧૯-૫-૧૯૮૭, પ્રવચન નં.-૯૨, 'અધ્યાત્મ સુધા' ભાગ-૩, પાના નં.-૫૨૪,૫૨૫)

પુરુષાર્થનું અવરોધક - શલ્ય!!



પુરુષાર્થ નથી ઉપડતો એના પ્રતિબંધક કારણો અનેક છે. એમાં ચાર પ્રકારના પ્રતિબંધો છે. સમાજ પ્રતિબંધ, કુટુંબ પ્રતિબંધ, શરીર પ્રતિબંધ, સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ. એ મુખ્ય પ્રતિબંધક કારણો છે. એ સિવાય પણ એક ન સમજાય એવું, એક ન પકડાય એવું એક કારણ હોય છે - (તે) શલ્ય હોય છે. શલ્ય શું હોય છે? કે ભૂતકાળમાં અને વર્તમાનમાં કોઈ જીવ પ્રત્યે, એક અથવા અનેક જીવ પ્રત્યે અભિપ્રાય બાંધી લીધેલો હોય છે. એ પર્યાયદૃષ્ટિની પક્કડ છે. જે દ્રવ્યદૃષ્ટિ કેળવવાની છે, જે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરવાની છે એની વિરુદ્ધ પોતે પક્કડ કરીને બેઠો છે. ત્યાંથી મુક્ત થઈ જવું જોઈએ. કોઈના પણ દોષ દેખાયા હોય અથવા કોઈએ અનુચિત આચરણ કર્યું હોય, પોતા પ્રત્યે કર્યું હોય, પોતાને અન્યાય કર્યો હોય, પોતાથી વિરુદ્ધ વર્તતા હોય, વર્ત્યા હોય અથવા વર્તતા હોય એવા કોઈપણ વ્યક્તિ માટે અભિપ્રાય બાંધીને રાખવો એ પુરુષાર્થ નહિ ઉત્પન્ન થવાનું, સંવેગ નહિ આવવાનું અનેક કારણો માહેનું એક કારણ એવું છે કે જે કારણ લગભગ જીવ પોતે પકડી શકતો નથી.

અહીંયાં શું છે કે જે કાંઈ અભિપ્રાય બંધાણો એ તો કોઈપણ કારણથી બંધાણો, એમાં ચારિત્રમોહ ભલે હોય. એ તો સ્થૂળ છે એટલે એ જ હોય. પણ જ્ઞાનમાં જે અભિપ્રાય બાંધ્યો એ તો એક સમગ્રપણે બાંધ્યો કે આ વ્યક્તિ આવી જ છે. આ તો આવો જ છે, આ તો આવી જ છે. એમાં તો કાંઈ ભેદ પડતો નથી. એ તો એક સમગ્ર યોગ્યતા સંબંધીનો અભિપ્રાય બાંધી લીધો છે. હવે પર્યાય છે એ તો સમય સમયની જ છે. એ યોગ્યતા એની ચાલુ પણ રહે અને ચાલુ ન પણ રહે અને એના માટે એ જીવ સ્વતંત્ર પરિણમે છે. આપણા અભિપ્રાય સાથે એ જીવની યોગ્યતા બંધાયેલી નથી. પણ આપણા અભિપ્રાય સાથે આપણો આત્મા (જરૂર) બંધાયેલો છે. સામા જીવનું પરિણમન બંધાયેલું નથી, પણ ત્યાં આપણો આત્મા બંધાય જાય છે. એ જે ભાવનું બંધન છે એ એને પુરુષાર્થ ન ઉપડવા દે. કેમ એમ? કે એ દ્રવ્યદૃષ્ટિ તરફ પુરુષાર્થની દિશા જવાની છે. એની તૈયારી કરવાની છે અને એની તૈયારીમાં આ બધી પક્કડ છૂટવી જોઈએ. તમામ પ્રકારના આગ્રહો છૂટવા જોઈએ. નાંગળા બધા ઢીલા જ પડી જવા જોઈએ. બહેનશ્રીનો આ ખાસ શબ્દ છે. પક્કડ એટલે નાંગળા. નાંગળા બધા ઢીલા પડી જવા જોઈએ. ક્યાંય આગ્રહ નહિ. કેમકે જ્ઞાનદશામાં તો પરેચ્છાનુચારી થવું છે તો અત્યારથી જ પરેચ્છાનુચારી થવાની પ્રૅક્ટિસ કરે.

બાહ્ય પ્રસંગોમાં પરેચ્છાનુચારી! સત્સંગમાં અને આત્મકલ્યાણની (એટલે એથી) વિરુદ્ધ દિશામાં નહિ. એક પોતાને પુરુષાર્થ જ કરવાનો બાકી રહે છે.

મુમુક્ષુ :- .. જાગૃતિ વિશેષ હોય તો જ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ પછી તો શું છે, જ્યારે આ વાત સમજવા મળે છે ત્યારે તપાસ કરી લેવાની. કેમકે આમાં ગણ્યા-ગાંઠ્યા જીવો હોય છે. આપણા પરિચયમાં તો અમુક વ્યક્તિઓ જ આવતી હોય છે. અમુક વ્યક્તિઓ જ આવી હોય છે. તપાસી લેવાનું આપણને કોનો વિકલ્પ રહે છે? કોનો વિકલ્પ આવે છે? કેમકે તેની પરિણતિ થઈ ગઈ હોય છે. જેનું શલ્ય હોય એની પરિણતિ હોય. પરિણતિ હોય એટલે એ ક્યારેક ક્યારેક એ પરિણતિ વિકલ્પ મારફત ડોકિયા કાઢે. ત્યાંથી પકડાય! કે આનો વિકલ્પ આવે છે આપણને. આનો વિકલ્પ આપણને આવે છે શું કરવા? આપણે શું કરવા?

'ભેંસના શીંગડા ભેંસને ભારે' - માણસ ખોટી ચિંતા કેવી રીતે કરે છે? રસ્તા ઉપરથી એક ભેંસ નીકળી. બહુ મોટા શિંગડા હતા. તો ચિંતા કરવા માંડ્યો. અરેરે..! બિચારીને ભાર નહિ લાગતો હોય? આવડા મોટા શિંગડા લઈને ફરે છે તો બિચારીને ભાર નહિ લાગતો હોય? પણ હવે એ ભેંસના શિંગડા ભેંસને ભારી. એ જીવને તેની શોભા દેખાતી હોય. આપણે જેમ પેલા વાળમાં ફેરફારો કરે છે ને? બીજાને સારું લાગે, ખરાબ લાગે એ બીજી વાત છે, પણ એને પોતાને સારું લાગે ત્યારે તો એવું કર્યું હોયને પોતે કાંઈક ફેરફાર?

એમ કારણ વગરનું જીવ શલ્યને પકડીને બેસી જાય છે. એ અસરળતા પણ છે. પરમાર્થે આત્મપુરુષાર્થને રોકવાનો અસરળતા નામનો અવગુણ છે. સરળતામાં બધું મૂકી દે. સરળતાવાળો જીવ બધું મૂકી દે. અત્યારે પ્રસંગ બને અને બીજી મિનિટે કાંઈ નહિ. ગયું એ ગયું! એક ક્ષણ પૂરતો ઉદય હોય છે. ઉદય પૂરો થઈ ગયો વાત પૂરી થઈ ગઈ. આપણે અંદર સ્વતંત્ર પરિણમો, સામો સ્વતંત્ર પરિણમન કરશે. (કેમકે) આ તો મુક્ત થાવું છે ને? આ તો પોતે ક્યાં-ક્યાં બંધાય છે એ વિચારવાનું છે.

મુમુક્ષુ :- પરિવારના સભ્યો હોય કે બીજા હોય કે મુમુક્ષુ હોય...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગમે ત્યાં જોઈ લ્યો. કેમકે બધાયને દ્રવ્યદૃષ્ટિએ જોવાના છે. એમાં કોણ બાકી છે? દ્રવ્યદૃષ્ટિએ જોવામાં ક્યો જીવ બાકી રહે છે? સમ્યગ્દૃષ્ટિ તે દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. તો એ દ્રવ્યદૃષ્ટિમાં ક્યો જીવ દ્રવ્ય તરીકે ન જોવાય? કોઈ બાદ રહે છે અપવાદ તરીકે? અભવ્ય જીવ પણ નથી રહેતો પછી ક્યાં સવાલ છે. અભવ્ય જીવ પણ નથી રહેતો. એવી વિશાળ દૃષ્ટિ છે. એવી ઉદાર દૃષ્ટિ છે.

મુમુક્ષુ:- ભાઈશ્રી! દેવ-ગુરુ-શાસ્ત્રકા કોઈ વિરોધ કરતા હૈ તો ઉસકા વિકલ્પ આતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઉનકા વિકલ્પ આયે તો ઉનકી વૃત્તિકા વિકલ્પ આયા. ઉનકે આત્માકા નહીં. ઔર વહ જીવ ભી કભી ભી સૂલટ સકતા હૈ. તો હમારે અભિપ્રાયમેં ઐસા હોના

ચાહિયે. હમારે એક પ્રસંગ બના થા. એક જીવ પૂજ્ય બહેનશ્રીકે બહુત વિરોધમેં થા. કડા વિરોધમેં. સમજે? તો કિસીને પૂછા કિ આપકો ઈસકે પ્રતિ કૈસા ભાવ આતા હૈ? ઉસ જમાનેમેં ક્યા થા કિ હમ બહેનશ્રીકે ઢાલ બનકરકે ખડે હો ગયે થે કિ, બહેનશ્રીકે પ્રતિ અગર કોઈ ગડબડ કરેગા તો હમ બરદાસ્ત નહીં કરેંગે. ઐસા કરકે. ઉસવક્ત હમકો પૂછા ગયા કિ આપકો કૈસા ભાવ રહતા હૈ? હમ ક્યા બોલે માલૂમ હૈ? બોલે કિ જીવ ઉલટા પડા હૈ, વહ સલટ સકતા હૈ ઔર કભી ભી સલટે તબ હમ ઉસકો માથે લેકર ફીરેંગે. ઉસીકો હી માથે લેકર ફીરેંગે. ક્યોંકિ ઉસકી વૃત્તિ બદલ ગઈ તો? ઈસકી વૃત્તિકા નિષેધ હૈ. અગર દોષિતવૃત્તિકા નિષેધ નહીં આતા હૈ તો અનુમોદન આ જાયેગા. વહ તો કરને લાયક હૈ હી નહીં. લેકિન નિષેધ કરે ઈસકા મતલબ યહ નહીં હૈ કિ ઈસકી પૂરી આત્મા ઐસી ખરાબ હો ગઈ હૈ. વહ એક સમયકી ઉસકી ભૂલ હૈ. વહ મર્યાદિત બાત હૈ, અપેક્ષિત બાત હૈ.

મુમુક્ષુ :- વ્યક્તિકો અગર લેતે હૈં તો વહ શલ્યમેં જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા તો શલ્યમેં જાતા હૈ. ક્યોંકિ વ્યક્તિ તો ધ્રુવ હો ગઈ ન? આત્મા તો ધ્રુવ હો ગઈ ઔર પરિણામ તો અધ્રુવ હૈ. તો હમારે જ્ઞાનમેં, હમારે અભિપ્રાયમેં વહ બાત ખુલ્લી હૈ કિ કોઈ ભી જીવ કભી ભી પલટ સકતા હૈ. વહ પલટ સકતા હૈ તો બહુત અચ્છી બાત હૈ. ઈનકે લિયે અચ્છી બાત હૈ.

વહ સોગાનીજીકે ૩૩ નંબરકે પત્રમેં એક બહુત અચ્છી બાત આઈ કિ, જ્ઞાની અજ્ઞાનીકો કૈસે દેખતા હૈ? ઐસી ભૂલ તો અજ્ઞાની લોગ કરતે હૈં. (જ્ઞાની) કૈસે દેખતા હૈ? કિ વહ અપને નિજ પરમસ્વરૂપ પરમાત્માકો ભૂલા હુઆ હૈ. ઈસલિયે ઉનકે પરિણામ ઈધર-ઉધર આડે-ટેઢે હો જાતે હૈં. ઈસકા જ્ઞાનીકો જ્ઞાન રહતા હૈ. ક્યા? જ્ઞાનીકો ઈસકા જ્ઞાન રહતા હૈ. તો ઉસમેં દ્રવ્ય પર્યાયકા યુગપદ્ જ્ઞાન હો ગયા. પ્રમાણ જ્ઞાન હો ગયા. ઐસે.

મુમુક્ષુ :- ભૂલેલો ભગવાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો (જે જીવો) ગુરુદેવને ગાળો દેતા હતા એના માટે ગુરુદેવ કહેતા હતા. ગુરુદેવનો વિરોધ ઘણાં કરતા હતા. અને એ તો કોઈ એવા મહાપુરુષ થયા જ નથી કે જેનો કોઈએ વિરોધ કર્યો જ ન હોય. આદિનાથ ભગવાનનો વિરોધ મહાવીર સ્વામીના જીવે કર્યો હતો. પરિણામની કેવી વિચિત્રતા છે જુઓ! એક આદિ તીર્થંકર છે અને એક અંતીમ તીર્થંકર છે. એક જમાનામાં વિરોધમાં ઊભા છે. આદિનાથ ભગવાનના ઉદય વખતે તીર્થંકર પ્રકૃતિના ઉદય વખતે, પુણ્ય પ્રકૃતિ જે દી' ચરમસીમાએ પહોંચેલી, ત્યારે એ ગાળો દેતા હતા. અને પાછા એમના દીકરાના દીકરા થઈને. એમના પૌત્ર હતા એ વખતે એ. મારા દાદાને હું ઓળખું કે તમે ઓળખો? ઘરનો માણસ કહે ત્યારે લોકોને વધારે વિશ્વાસ આવે. વિરોધીઓને હોં! બધાને નહિ. એટલે એ તો કોઈ સવાલ નથી. (એવું) થાય.

ગુરુદેવ એને કહે કે એ તો ભૂલેલો ભગવાન છે. એ છાપા મોકલે પછી. જે છાપામાં

લખ્યું હોય એ છાપું ગુરુદેવ ઉપર પોસ્ટ કરે. અને ઑફિસમાંથી સૂચના કે આવા બધા છાપા આવે એ ગુરુદેવને પહોંચાડવાના અને ગુરુદેવ વાંચે. વાંચીને પછી સંભળાવે પણ ખરા કે જુઓ આ આમ લખે છે. એ બિચારો ભૂલેલો ભગવાન છે. અરે..! ભગવાન! એમ જ કહે. અરે..! ભગવાન આ તને શું સૂઝે છે? એને ભગવાનની દૃષ્ટિએ જ જુએ! એટલી ઉદારતા અને એટલી વિશાળતા હોય છે.

મુમુક્ષુ :- મુમુક્ષુકો તો પર્યાયદૃષ્ટિ ખતમ નહીં હુઈ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ખતમ નહીં હુઈ હૈ લેકિન ખતમ કરનેકા પ્રયાસ તો મુમુક્ષુકો હોના ચાહિયે ન? મુમુક્ષુ હૈ વહ પ્રયત્નદશાકા નામ હૈ. જો મુમુક્ષુ પ્રયત્ન નહીં કરતા હૈ વહ મુમુક્ષુ નહીં. મુમુક્ષુનું બીજું નામ પ્રયત્નદશા. અને જ્ઞાનીનું બીજું નામ પ્રયત્ન સફળ થયો તેવી દશા. મુમુક્ષુ પ્રયત્ન કરતા કરતા સફળ થઈ ગયો એ જ્ઞાનદશા. પ્રયત્નદશા તો હોવી જ જોઈએને!

મુમુક્ષુ :- ભાઈશ્રી! પ્રયાસ કેવી રીતે કરવો?

પૂજ્ય ભાઈશ્રી :- બસ આ કહ્યુંને એવી રીતે. કે હું શું કરવા એની ઉપાધિ કરું છું? એ જીવ પલટો મારશે તો? મારું શલ્ય તો એમ ને એમ રહી જશે. મારે શું લેવા દેવા? કોઈની અયોગ્યતા સાથે મારા આત્માને શું સંબંધ છે? આ જગતની અંદર હીન યોગ્યતાના અસંખ્ય સ્તર છે. કેટલા? અસંખ્ય પ્રકાર છે. નાના-મોટા, વધુ-ઓછા, હીનાધિકપણું અસંખ્ય પ્રકારનું છે. મારે કોના સામું જોવાનું છે? કેટલાની સામું જોવાનું છે? શું સંબંધ છે મારે? અને હું કયા નવરો છું એના માટે? મારામાં એટલી અયોગ્યતાઓ છે, હું પણ એમાંનો જ એક છું. હું કાંઈ સર્વાંગ સંપૂર્ણ તો નથી થયો. હું પણ એમાંનો જ એક છું. તો હું એમાં સુધાર કરવાના કામમાંથી નવરો થાવ તો પેલી પંચાતમાં જાવને? મારે શું કામ છે? આંખ જ મીંચી (લેવાની). શટર જ પાડી દેવાનું. કોઈનું આપણે શું કામ છે? આપણે કોઈનું શું કામ છે? હું મારું કરવા અહીંયાં આવ્યો છું. અને મારું કરવામાં ધ્યાન દઉં.

(શ્રી પ્રવચનાંશ... 'સ્વાનુભૂતિદર્શન' પ્રશ્ન નં-૪૧૫, તા. ૨૯-૧૧-૧૯૯૮, પ્રવચન નં.-૩૫૭)

આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (નવેમ્બર-૨૦૨૬, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણરાશિ
શ્રીમતી મનિષા હેમંતભાઈ શાહ, મુંબઈ તથા
શ્રીમતી કેતકી નિરવભાઈ વોરા, ભાવનગર
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,
જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



‘દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિનો વિષય’

‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’ – પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

‘વર્તમાનમાં જ હું કૃતકૃત્ય છું’ એવી પોતાની વસ્તુમાં દૃષ્ટિ થઈ ત્યાં ‘કરું–કરું’ – એવી કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ. બસ! તે જ મુક્તિ છે. ૧૯૧.

*

‘શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ’ – કેવી સુંદર વાત ‘શ્રીમદ્‌જી’એ કરી છે! એક લીટીમાં બધી વાત આવી ગઈ. બસ ભાઈ, તું આટલો જ વિચાર (જ્ઞાન) **કર. ૧૯૭.**

*

‘હું અધિક છું’ તે જ સ્વયંનો મહાત્મ્યભાવ છે. ‘હું’ કોઈપણ ભાવમાં–વિકલ્પમાં ખસતો જ નથી, તણાતો જ નથી. એવો ને એવો અને જ્યાંનો ત્યાં હરસમય રહું છું. વિકલ્પની સાથે, પરિણામની સાથે ખસતો જ નથી. શું દર્પણનું દળ ક્ષણિક આકારથી ખસી જાય છે? તેવું ને તેવું જ રહે છે. તેમ ‘હું’ પણ તેવો ને તેવો જ સદા રહું છું. ૧૯૯.

*

અરે ભાઈ! ‘તું’ એક સમયની પર્યાયમાં આવી જતો નથી. ‘તું’ તો અનંતી પર્યાયોનો પિંડ છો. જો ‘તું’ એક પર્યાયમાં આવી જાય તો બીજી બધી પર્યાયો વિધવા થઈ જશે. ૨૦૩.

*

હું એવો અપરિણામી (ધ્રુવ) પદાર્થ છું કે મને આખા ત્રણ લોકના બધા જ પદાર્થો ભેગા થઈને મને હલાવી શકતા નથી. ૨૦૬.

*

સાધકબાધક તો બધું પર્યાયનું જ્ઞાન કરવા માટે છે. વળી સબળાઈ (અનંતવીર્યના પિંડરૂપ)**નાં ચશ્માં લગાવ્યા વિના નબળાઈનું પણ (યથાર્થ) જ્ઞાન થતું નથી. સાધકપણું–બાધકપણું પર્યાયની વાત છે. ‘અમને’ તો સાધકપણા–બાધકપણાની પણ દરકાર નથી, કેમકે બાધકપણું** (ત્રિકાળીને) **નુકસાન કરી શકતું નથી અને સાધકપણું ત્રિકાળીને લાભ કરી શકતું નથી. પછી તેની દરકાર શા માટે? ૨૦૭.**

*



મહાવીરના બોધને પાત્ર કોણ?

મુંબઈ, ફાગણ સુદ ૬, ૧૯૪૬


મહાવીરના બોધને પાત્ર કોણ?

૧. સત્પુરુષના ચરણનો ઇચ્છક,
૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી,
૩. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર,
૪. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન,
૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર,
૬. ઉપયોગથી એક પળ પણ ભરનાર,
૭. એકાંતવાસને વખાણનાર,
૮. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી,
૯. આહાર, વિહાર, નિહારનો નિયમી,
૧૦. પોતાની ગુરુતા દબાવનાર.

એવો કોઈ પણ પુરુષ તે મહાવીરના બોધને પાત્ર છે, સમ્યક્‌દર્શાને પાત્ર છે. પહેલા જેવું એક્કે નથી.

('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પત્રાંક-૧૦૫)

પરમ કૃપાળુદેવના મંગલ હસ્તાક્ષર





પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા 'સ્વાનુભૂતિદર્શન'

પ્રશ્ન :- શ્રીમદ્જીમાં આવે છે કે જ્ઞાની પ્રત્યે જેને પરમાત્મબુદ્ધિ આવે છે તેને સર્વ મુમુક્ષુ પ્રત્યે દાસત્વભાવ આવે છે. તો ત્યાં તેઓ શું કહેવા માગે છે?

સમાધાન :- મુમુક્ષુને સત્પુરુષ–કે જે સર્વોત્કૃષ્ટ માર્ગ બતાવી રહ્યા છે અને સાધના કરી રહ્યા છે તેના પર પરમેશ્વર બુદ્ધિ આવે છે. એટલે કે તે જ મારે સર્વસ્વ છે એમ માને છે અને તેને બીજા મુમુક્ષુ જીવો પ્રત્યે દાસત્વપણું એટલે કે ગુણગ્રાહી દૃષ્ટિ થઈ જાય છે. તે કોઈના દોષ જોતો નથી, પણ તેને બધાનું દાસત્વ છે અર્થાત્ કોઈથી હું ઊંચો છું એવી દૃષ્ટિ નથી, પરંતુ નમ્રતાના ભાવ આવી જાય છે.

આત્માર્થીપણાનું લક્ષણ છે કે હું કોઈથી ઊંચો છું તેવો વિચાર છૂટી જાય ને બધાનું દાસત્વપણું આવી જાય. તેને એટલી બધી નમ્રતા આવી જાય છે કે પોતાનું અહંપણું ને કઠોરતા છૂટી જાય છે, પણ તેને પરીક્ષાબુદ્ધિ હોય છે. જ્યાં સાચા દેવ–શાસ્ત્ર–ગુરુ હોય ત્યાં જ તેની અર્પણતા હોય છે; પરંતુ જે સાચું સમજતા ન હોય, જેની વિપરીત બુદ્ધિ હોય ને જેના ખોટા આગ્રહ હોય તેના પ્રત્યે દાસત્વપણું ન હોય. છતાં પણ પોતાને ક્યાંય અભિમાન ન થાય, પોતે ક્યાંય અભિમાનથી વર્તતો ન હોય.–એવી જાતનું દાસત્વ હોય છે. તે પોતાનું માન નથી રાખતો કે મારામાં આમ છે અર્થાત્ હું મોટો છું એમ પોતાનું માન છૂટી જાય છે, પોતાને નુકસાન થાય એવી જાતનું અહંપણું છૂટી જાય છે. કોઈ ખોટા આગ્રહવાળા હોય, કુદેવ–ગુરુ હોય તે બધાને જેમ છે તેમ જાણે છે; પણ પોતે અહંપણું રાખતો નથી. તેને બધામાં વિવેક છે, પણ તેનો અર્થ એવો નથી કે તે બધે નમસ્કાર કરે છે. છતાં તેને અહંપણું છૂટી જાય છે. મારામાં આ ગુણ તો છે ને? એવો તેને અહં ન હોય, પણ મારે હજી ઘણું કરવાનું છે એવી નમ્રતા હોય. દ્રવ્ય અપેક્ષાએ સિદ્ધ ભગવાન જેવો છું, પણ પર્યાયમાં પામર છું, એવી જાતની નમ્રતા અંતરમાં આવી જાય છે.–આ દાસત્વનો અર્થ છે. પર્યાયમાં હું પામર છું, મારી પર્યાયમાં ઘણી અધૂરાશ છે. મારે ઘણું કરવાનું છે એવી નમ્રતા હોય, પણ મેં આ કરી લીધું ને મારામાં આ છે એવું અહંપણું ન હોય.

દાસત્વ એટલે બધાના દાસ થઈ જવું અને બધે નમસ્કાર કરવા એવો અર્થ નથી. બીજાના દોષ જોવા કરતાં, પર્યાયમાં હું પામર છું એમ પોતાના દોષ જોવા તે આત્માર્થીનું લક્ષણ છે. બીજાને દોષબુદ્ધિથી જોવા કરતાં, તું તારા પોતામાં ક્યાં અટક્યો છો અને તારામાં શું ખામી છે તેને તું જો. બીજાના દોષ જોવામાં તું અટકીશ નહિ. 'જગતને રૂડું દેખાડવા પ્રયત્ન કર્યો, પણ તું પોતે રૂડો થયો

નહિ'. એવું શ્રીમદ્માં આવે છે. જગતને રૂડું દેખાડવા પ્રયત્ન કર્યો, પણ તું પોતે અંદર રૂડો થયો છે કે નહિ? તે તારે અંતરમાં જોવાનું છે. તારે પોતાને અંદરમાં ગુણ પ્રગટાવવાના છે, અંતરમાં શુદ્ધિ કરવાની છે. દ્રવ્યને ઓળખીને અંદરથી જિજ્ઞાસા ને લગની લગાડીને આત્મા તરફ તારું વલણ કેટલું થાય છે તેની ઉપાદાનની તૈયારી કરવાની છે. શ્રીમદ્જીના આ વાક્યની અંદરમાં ગૂઢતા ભરી છે. ગુરુદેવના પ્રતાપે સ્પષ્ટતા થઈ છે. ગુરુદેવે સમયસાર આદિ શાસ્ત્રોના ને આત્માનાં-વસ્તુસ્વરૂપનાં રહસ્યો ખોલ્યાં છે. શ્રીમદ્ના કથનનાં રહસ્યો પણ ગુરુદેવે ખોલ્યાં છે. ગુરુદેવે સૂક્ષ્મ-સૂક્ષ્મ કરીને બધાં રહસ્યો ખોલ્યાં છે એટલે બધું ચોખ્ખું થઈ ગયું છે. ૬૫૨.

*

વીરનિર્વાણકલ્યાણક દિને પ્રવાહિત
પૂજ્ય બહેનશ્રીના હૃદયોદ્ગાર!!

શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા. આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી. ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્યગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે.

('બહેનશ્રીનાં વચનામૃત'માંથી સાભાર ઉદ્ધૃત)

કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૯૪મી જન્મજયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આગામી ૯૪મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૧૩-૧૨-૨૦૨૬ થી માગશર સુદ-૮, તા. ૧૭-૧૨-૨૦૨૬ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૧૬-૧૨-૨૦૨૬ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્કઃ શ્રી રાજેન્દ્રભાઈ જૈન, મો. ૯૮૨૫૧૫૫૦૬૬

કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧

(પાના નં ૧૯થી આગળ...)

બીજાં જીવોને આત્મહિતમાં-કલ્યાણમાં નિમિત્ત થાય છે. 'ગૌતમ' ગણધર ભગવાનને તો આ દિવસે કેવળજ્ઞાન ઊપજેલું છે.

તેમની વાણીમાંથી ત્યારપછી અનેક આચાર્ય ભગવંતોએ સત્શાસ્ત્રોની રચના કરી છે. એ જ શાસ્ત્રોમાંથી રહસ્ય કાઢીને 'ગુરુદેવશ્રી'એ આપણને સૌને આપ્યું છે. એ જ આ વાણી છે કે જે 'ગુરુદેવે' પ્રસિદ્ધ કરી છે. 'સીમંધર ભગવાન'ની વાણી કહો કે 'મહાવીરસ્વામી ભગવાન'ની વાણી કહો, બધું એક છે. કોઈ જુદી-જુદી વાત એમાં હોતી નથી. એક સરખું આત્મહિતનું રહસ્ય એમાં પ્રકાશમાન થાય છે. એ વાણી તો અનંત રહસ્યને લઈને આવે છે. એ જ રીતે 'ગુરુદેવ'ની વાણી પણ સાતિશય હતી અને એની અંદર પણ અતિશય રીતે-સઅતિશય રીતે તત્ત્વનો પ્રકાશ થયો છે અને અનેક જીવોને આત્મહિતમાં એ કલ્યાણકારી થઈ છે અને થશે. એવો આ મહાન દિવસ છે! આજે પર્વનો દિવસ, નિર્વાણકલ્યાણકનો દિવસ, ઉત્સવના દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

એ વખતે તો જૈનધર્મનો વૈભવ ઘણો હતો. બીજી સંખ્યા ઓછી હતી. જ્યારે ભગવાન બિરાજમાન હોય ત્યારે તીર્થપ્રવૃત્તિ એટલી બધી વિશાળ પ્રમાણમાં હોય છે કે બીજાં અન્યમતવાળા ઓછા હોય છે. એટલે બધાં પણ સાથે-સાથે જોડાય છે. સામાન્ય રીતે ઊંચા પુણ્યવાળાની સાથે નીચા પુણ્યવાળા જોડાય છે. કેમકે એને મતલબ હોય છે એટલા માટે. એટલે બધાં આ દિવસોમાં તો ખુદ ઈન્દ્રોએ આવીને દીવાઓ કર્યા! નિર્વાણકલ્યાણકને દિવસે દીપમાળાઓ પ્રગટાવી એટલે એ દિવાળી કહેવાણી. મૂળ શબ્દ તો 'દીપાવલી' છે. આવલી એટલે સમૂહ. એટલા બધાં દીવાનો સમૂહ હતો કે, આ દિવસને 'દીપાવલી મહોત્સવ' કહેવામાં આવે છે. એના ઉપરથી અપભ્રંશ થયો-દિવાળી. અને અંદર જે આત્માના અસંખ્ય પ્રદેશે જ્ઞાનના દીવા પ્રગટે તે સમ્યક્ત્વરૂપ દિવાળી છે, સ્વસંવેદનરૂપ દિવાળી છે!! 'ગૌતમ ગણધર ભગવાને' કેવળજ્ઞાનની દિવાળી ઉજવી! બીજાં અનેક જીવોએ સમ્યક્ત્વ આદિ પ્રાપ્ત કરીને અસંખ્ય પ્રદેશે જ્ઞાનની દિવાળી ઉજવી! એ ખરી દિવાળી છે. એ રીતે ખરી દિવાળી તો એ છે. આ ફટાકડા ફૂટે એ દિવાળી નથી. આ તો બધું હિંસાનું કારણ છે. અનેક જીવો વાતાવરણમાં હોય છે જે એની ગંધ માત્રથી મરી જાય છે. પણ એ પછી બીજાં લોકો જોડી દે છે.

આમ તો દેવોએ, ઈન્દ્રો વગેરે આવીને અનેક દીવાઓ આ વખતે પ્રજ્વલિત કરેલાં અને સાધકોએ અંદરમાં જ્ઞાન-દીવાઓ પ્રજ્વલિત કરેલા!! એટલે આ અવસરને દિવાળીના અવસરથી આજે ૨૫૦૦ વર્ષ પછી પણ ઉજવવામાં આવે છે. આજનો મહાન દિવસ છે.

-પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(પ્રવચનાંશ...'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૧, તા. ૩-૧૧-૧૯૮૬, પ્રવચન નં.-૧, 'અધ્યાત્મ સુધા' ભાગ -૧, પાના નં.-૧ થી ૩)

*

શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ શ્રી મહાવીરપ્રભુના નિર્વાણકલ્યાણકના પાવન પ્રસંગે તેમના ચરણોમાં વંદન કરી, અનંત કાળની જન્મ-મરણની શ્રૃંખલાનો વ્યવચ્છેદ કરવાની મંગલમય ભાવનાના દીપ પ્રગટાવી સ્વાનુભૂતિપ્રકાશ પરિવારની સર્વ પાઠકવર્ગને દીપાવલીની શુભકામના!!



આજે વીર નિર્વાણ કલ્યાણકનો દિવસ છે. આજે આ દિવસ છે એ ભૂતનૈગમનયથી કહેવામાં આવે છે. આમ તો ભગવાન ૨૫૦૦ ઉપરાંત વર્ષ પહેલાં સિદ્ધાલયમાં પધાર્યા. 'પાવાપુરી'થી સિદ્ધાલયમાં ગમન કર્યું એ આજનો પરોઢનો દિવસ છે. ૨૫૦૦ વર્ષ પછી અથવા કોઈક કાળ પછી ભૂતનૈગમનયથી આજનો એ દિવસ છે એવું કહેવાય છે, આજે દિવસ છે એમ કહેવાય છે. ભૂતકાળની ઘટનાને કથનની અંદર વર્તમાનવત્ કહેવી એ ભૂતનૈગમનયનું કથન થયું.

એવી જ રીતે ભાવિની ઘટનાને વર્તમાનવત્ કહેવી-જેમકે 'ગુરુદેવ'ના વિષયમાં આપણે એમ કહીએ છીએ કે, 'ગુરુદેવ' 'સૂર્યકીર્તિનાથ' ભગવાન છે. ચોવીસ સાગર પછી 'સૂર્યકીર્તિ' ભગવાન થશે, એ 'છે' એમ કરીને સ્થાપીએ છીએ એ ભાવિનૈગમનયનો વિષય છે.

('મહાવીર' ભગવાનને) કેવળજ્ઞાન તો (નિર્વાણના) ત્રીસ વર્ષ પહેલાં થયું હતું. ત્રીસ વર્ષ સુધી એમણે સમવસરણમાં દિવ્યધ્વનિને પ્રકાશી અને આજના દિવસે સિદ્ધાલયમાં ગમન કર્યું ત્યારે ઈન્દ્ર આદિ દેવોએ આવીને એ ઉત્સવને ઉજવ્યો. આ જ દિવસે ભગવાન સિદ્ધાલયમાં ગયા અને આ જ દિવસે 'ગૌતમ ગણધર સ્વામી' કેવળજ્ઞાનને પામ્યા. શ્વેતાંબરમાં થોડી ગડબડવાળી વાત આવે છે કે, ગણધર ભગવાન 'ગૌતમસ્વામી'ને બહુ દુઃખ થયું, રડવા લાગ્યા, ચોધાર આંસુએ રડે છે! મુનિરાજને એવા લૌકિક પરિણામ હોતાં નથી. અલબત્ત વર્તમાન તીર્થંકર ભગવાનનો વિયોગ થાય છે એનો ખ્યાલ આવે છે, તોપણ એ પ્રસંગ છે એ કલ્યાણનો પ્રસંગ છે. બીજા જીવોને એ કલ્યાણમાં નિમિત્તભૂત થાય છે તેથી એને 'કલ્યાણક' એમ કહેવાય છે. કલ્યાણકનો અર્થ છે - કલ્યાણ કરનાર! જે કલ્યાણ કરે તેને 'કલ્યાણક' કહેવાય. કલ્યાણમાં નિમિત્ત થાય તેને 'કલ્યાણક' કહેવાય. આ પ્રસંગ પણ



ભગવાન મહાવીર ચરણકમળ

(અનુસંધાન પાના નં ૧૮ પર...)

REGISTERED NO. : BVHO - 261 / 2024-2026
RENEWED UPTO : 31/12/2026
R.N.I. NO. : 69847/98
Title Code : GUJGUJ07425
Published : 10th of Every month at BHAV.
Posted at 10th of Every month at BHAV. RMS
Total Page : 20

'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા દ્વારા અજય ઑફસેટ, 12-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - 380 016 થી મુદ્રિત તથા 1942/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર - 364 001 દ્વારા પ્રકાશિત.

સંપાદક : શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા - 98250 52913

Printed Edition :
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

Shri Shashiprabhu Sadhana Smruti Mandir
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur 9374825041